# તાલીબાનોએ અમારું સ્વપ્ન રોળી નાખ્યું...

## ગાંધીનગર સ્થિત આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક સંસ્થામાં ઉચ્ચ અભ્યાસ કરતી બે અફઘાન દીકરીઓ ક્યારેય પોતાના વતન જવા ઈચ્છતી નથી : દિવસ-રાત પરિવારજનોની ચિંતા કરતી આ દિકરીઓ તાલીબાન શાસનને ધિક્કારે છે

**વિશેષ મુલાકાત**

ગાંધીનગર, તા. ૧૭

'તાલીબાનોએ અમારૂ સ્વપ્ન તોડી નાંખ્યુ છે' વતનને છોડવાનું દુઃખ અમે સહન કરી રહ્યા છીએ... અમે ક્યારેય અમારા દેશમાં પાછા જવા ઈચ્છતા નથી... અમારે જીવવું હશે તો અમારા દેશની બહાર જ રહેવુ પડશે... મહિલાઓની સ્થિતિ નર્ક કરતાંય બદતર છે... અમે વિશ્વને અપીલ કરીએ છીએ કે અમારા દેશનો તાલીબાની આતંકીઓના હાથમાંથી છોડાવો... આ શબ્દો છે ગાંધીનગર સ્થિત આંતરરાષ્ટ્રીય સંસ્થામાં અભ્યાસ કરતી અફઘાન વિદ્યાર્થીનીઓના... પરિવારજનોની પારાવાર ચિંતા કરતી આ અફઘાની દિકરીઓ હાલમાં ભયંકર માનસિક તણાવની સ્થિતિમાંથી પસાર થઈ રહી છે. અફઘાનિસ્તાનને બચાવી લેવા તેઓ સમગ્ર વિશ્વને હૃદયપૂર્વક અપીલ કરે છે.

સમગ્ર વિશ્વનું ધ્યાન અત્યારે અફઘાનિસ્તાન તરફ દોરાયુ છે. ત્યાંની ભયાવહ સ્થિતિનો ચિતાર આપણે મીડિયાના માધ્યમથી મેળવી રહ્યા છે, પરંતુ ખરેખર ત્યાં અંધાધુંધીનો માહોલ છે, ક્યારે મોત આવશે તે નક્કી નથી. અફઘાનિસ્તાનની બહાર રહેતા ત્યાંના વિદ્યાર્થીઓ પોતાને નસીબદાર માની રહ્યાં છે. ગાંધીનગર સ્થિત આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક સંસ્થામાં અફઘાનિસ્તાનની બે દિકરીઓ અભ્યાસ કરી રહી છે. એક દિકરી પીએચડી અને બીજી દિકરી મેનેજમેન્ટનો અભ્યાસ કરી રહી છે. અફઘાનિસ્તાનમાં તાલીબાનનું શાસન સ્થપાયા બાદ તેઓ ખૂબ જ ચિંતામાં મુકાયા છે. પીએચડીનો અભ્યાસ કરતી દિકરી કહે છે કે તાલીબાનોને અમે ધિક્કારીએ છીએ... ૨૦ વર્ષ પહેલાં તાલીબાનનું શાસન હતુ ત્યારથી ભયંકર સ્થિતિનો અમે સામનો કર્યો છે. તાલીબાનો સાથેની લડાઈમાં મે મારા પિતાને ગુમાવ્યા હતા. લગભગ દરેકે દરેક પરિવારે કોઈકને કોઈક સભ્યને ગુમાવ્યો હતો. અમારા માનસપટલ પર તે સમય હજુય દુઃસ્વપ્ન સમાન છે. ફરીથી એ જ પરિસ્થિતિ અમારા દેશમાં આવી છે. અમારા પરિવારજનોની ચિંતા થાય છે. કાલે શુ થશે, એની ખબર નથી. જીવનમાં ક્યારેય તેમને ફરી મળી શકાશે કે નહી તે ખબર નથી. હુ અહીં મારો અભ્યાસ પૂર્ણ કરીને પોતાના વતનમાં જઈ શૈક્ષણિક ક્ષેત્રમાં જોડાવવા ઈચ્છતી હતી પરંતુ હવે હું મારા દેશમાં ક્યારેય પરત જવા ઈચ્છતી નથી. તાલીબાનો મહિલાઓને મળતા શૈક્ષણિક હક્કો અને અન્ય જીવન જીવવાના હક્કોની બિલકુલ વિરૂદ્ધમાં છે. તેઓ સ્ત્રીઓના જીવનને નરક બનાવી દે છે. એ પરિસ્થિતિમાં અમે ક્યારેય પરત જવા ઈચ્છતા નથી.

એમબીએનો અભ્યાસ કરતી દિકરી કહે છે કે તાલીબાનો અંતિમવાદી વિચારધારા ધરાવે છે. તેઓ શાળાઓને તોડી નાંખે છે. મહિલાઓને ઘરમાંથી બહાર નીકળવા દેતા નથી. ક્યારે શું થશે, કોણ આતંકીઓના નિશાના પર હશે તે ખબર નથી. મારૂ હૃદય તુટી ગયુ છે. પરિવારને ક્યારે મળી શકીશ તે ખબર નથી. પરિવારજનો તો કહે છે કે તુ નસીબદાર છે કે તું અહીં નથી... સામાન્ય અફઘાન પરિવારો ત્યાંથી કેવી રીતે નાસી જવાય તે જ વિચારી રહ્યો છે. તાલીબાનોએ અમારા દેશને એ હદે તોડી નાંખ્યો છે કે ક્યારે પરિસ્થિતિ સુધરશે તેની ખબર નથી. મારૂ ભવિષ્ય મને અંધકારમય લાગી રહ્યુ છે.

આ બંને દિકરીઓ ખૂબ જ વ્યથિત છે અને પરિવારજનોની ચિંતા કરી રહી છે. તેઓ વૈશ્વિક સમુદાયને અફઘાનિસ્તાનનો સાથ આપવા અપીલ કરે છે. અફઘાનિસ્તાનને એકલુ ન પાડો. ત્યાંના નાગરિકોને સાથ આપો. મહિલાઓને બચાવો... મહિલાઓને નરકમાંથી બચાવો...

# પાણીની લાઈન નાંખવા ચરેડી પાસે હરિયાળા ૫૦ વૃક્ષોનો સોથ વાળી દેવાયો

**શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટેની કાર્યયોજના અન્વયે નવી લાઇન નાંખવા માટે અંદાજિત ૨૯૦૦ વૃક્ષોની કટોતી થશે**



ગાંધીનગર તા ૧૭

ગાંધીનગરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે નવી લાઈન નાંખવાનુ આયોજન કરાયુ છે. સ્માર્ટ સીટી અન્વયે શહેરમાં નતનવા વિકાસ કામોની સાથે માળખાગત સુવિધાઓને વસતી અને વિકાસ મુજબ અપગ્રેડ કરવામાં આવી રહી છે. પરંતુ આ સ્થિતિ વચ્ચે નગરમાં હરિયાળા વૃક્ષો સામે પણ ખતરો મંડરાયો છે. પાણીની નવી લાઈન નાંખવા માટે અંદાજિત ૨૯૦૦ જેટલા વૃક્ષોની

● અનુસંધાન પાન-૭ પર

# રિયલ એસ્ટેટમાં તેજીનો પવન : ગાંધીનગરમાં ત્રણ મહિનામાં ૧૧૩૫ કરોડના પ્રોજેક્ટ લોંચ થયા

**ગુજરાતમાં કુલ ૧૪૦૦૦ કરોડના રેસિડેન્શિયલ તેમજ કોમર્શિયલ પ્રોજેક્ટમાં તેજી, પ્રોપર્ટીના ભાવમાં ૨૦ ટકાનો વધારો**

ગાંધીનગર, તા. ૧૭

આજે પણ અમદાવાદની તુલનાએ ગાંધીનગર વધારે શાંત હોવાથી લોકો અહી રહેવાનું પસંદ કરી રહ્યા છે. જેથી ગાંધીનગરમાં નવા પ્રોજેન્ટસ વધ્યા છે. ગાંધીનગરમાં ટાઉન પ્લાનિંગ હેઠળ ઘણી નવી જમીન ખુલ્લી થઈ છે અને નવા પ્રોજેક્ટ્સ આવી રહ્યા છે. ખાસ કરીને મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારના ગામડાઓમાં નવા નવા પ્રોજેક્ટ શરૂ થઈ રહ્યાં છે. ગાંધીનગરમાં ૧૧૩૫ કરોડના પ્રોજેક્ટ શરૂ થયા છે.

ગુજરાતમાં કોરોના કેસની સંખ્યા ઘટતાં રિયલ એસ્ટેટ સેક્ટરમાં ફરી તેજી આવી છે. છેલ્લા ત્રણ મહિનામાં રાજ્યના શહેરોમાં બિલ્ડરોએ ૧૪૦૦૦ કરોડના પ્રોજેક્ટ લોંચ કર્યા છે જ્યારે અગાઉની સ્કીમોમાં ખરીદારો નિકળ્યા છે. જો કે છેલ્લા દોઢ વર્ષમાં મહામારીના કારણે પડેલો આર્થિક ફટકો પૂર્ણ કરવા માટે બિલ્ડરોની સ્કીમોમાં પ્રોપર્ટીના ભાવમાં સીધો ૨૦ ટકાનો વધારો આવી ગયો છે.

ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (રેરા)ની વેબસાઈટ પર જણાવ્યા મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં છેલ્લા ત્રણ મહિનામાં બિલ્ડર્સ અને ડેવલપર્સે ૧૩૫૦૮ કરોડના રેસિડેન્શિયલ અને કોમર્શિયલ પ્રોજેક્ટ્સ લોન્ચ કર્યા છે તેમજ એપ્રિલ-જૂન દરમિયાન લોન્ચ થયેલા કુલ પ્રોજેક્ટ્સમાંથી ૬૨૮૫ કરોડના પ્રોજેક્ટ્સ તો માત્ર અમદાવાદમાં શરૂ થયા છે.

કોરોના બાદ લોકોની માનસિકતા બદલાતાં જે લોકો વન બીએચકેમાં રહેતા હતા તેઓ હવે ટુ બીએચકેમાં શિફ્ટ થઈ રહ્યા છે.



આ ઉપરાંત અપર મિડલ ક્લાસ ફ્લેટમાંથી બંગલો કે ફાર્મહાઉસ કોન્સેપ્ટ તરફ વળ્યા છે અને ફરવા નથી જવાતું તો એમિનિટી વધારે હોય તેવા પ્રોજેક્ટ્સમાં જઈ રહ્યા છે. આ બદલાવને કારણે બિલ્ડર્સ નવા પ્રોજેક્ટ લોન્ચ કરવાનું સાહસ કરી રહ્યા છે. ગત વર્ષની તુલનાએ અત્યારે રેસિડેન્સમાં ડિમાન્ડ સારી છે તેથી રિયલ એસ્ટેટ સેક્ટરમાં રોકાણ આવી રહ્યું છે.

ગુજરાતમાં ૪,૪૪૪ કરોડના રેસિડેન્શિયલ અને ૬,૯૧૯ કરોડના મિક્સ (રહેણાક

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના સે-૨૮ અને ૧૬માં નવા આવાસોનુ નિર્માણ કરવા વિચારણા

**અત્યાર સુધી સે-૬ સે-૭ અને સે-૨૯ અને ૩૦ માં નવા આવાસો બનાવાયા છે ત્યારે જુના મકાનો તોડીને ખુલ્લી થયેલી જગ્યા પર જ ટાવર કોલોની બાંધવા માટે નિર્ણય લેવાયો છે : ટુંકમાં ૨૮૦ નવા મકાનો બાંધવા માટે સાઇટ નક્કી કરાશે**

ગાંધીનગર તા ૧૭

શહેરમાં જુના અને જોખમી આવાસો તબક્કાવાર તોડીને જગ્યા ખુલ્લી થયા બાદ આ ઠેકાણે નવા મકાનો બાંધવામાં આવી રહ્યા છે. સે-૬, સે-૭ અને સે-૨૯ તેમજ ૩૦ માં કર્મચારીઓ માટે કોર્પોરેટ લુક ધરાવતા નવા આવાસો તૈયાર કરી દેવાયા છે. જયારે હાલ સે-૬ અને સે-૨૯ માં હજુ અન્ય આવાસો બાંધવાનુ કામ ચાલુ છે. ત્યારે હવે નવા ૨૮૦ આવાસો માટે ટુંકમાં સ્થળ પસંદગી કરાશે. જેમાં સે-૨૮ અને સે-૧૬ માં પણ નવા આવાસો બાંધવા માટે વિચારણા હાથ ધરવામાં આવી છે.

શહેરમાં જુના અને જોખમી સરકારી આવાસો તોડી નાંખવામાં આવે છે. તબક્કાવાર જુના આવાસો તોડીને નવા આવાસો બાંધવા માટે જગ્યા ખુલ્લી કરવામાં આવે છે. શહેરના સે-૬, સે-૭ અને સે-૨૯ તેમજ સે-૩૦ માં નવા આવાસો બાંધવામાં આવ્યા છે. સે-૬ માં હાલ પણ નવા આવાસોનુ નિર્માણ કરવાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે બી કક્ષાના નવા આવાસો તૈયાર પણ કરી દેવાયા છે. ટુંકમાં આ આવાસોનુ લોકાર્પણ પણ કરી દેવાશે. સેકટરામાં ભયજનક આવાસો તોડીને નવા આવાસો બાંધવા માટે જગ્યા ખુલ્લી કરવામાં આવી રહી છે. જેને અનુલક્ષી સે-૨૯ માં નવા ૨૮૦ મકાનો બાંધવાનુ આયોજન કરાયુ છે. આ કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત અન્ય ૨૮૦ મકાનો બાંધવા માટે સાઈટની પસંદગી બાકી છે. ત્યારે ટુંકમાં સ્થળ પસંદગીના અંતે આ કામ શરૂ કરાશે. હાલની સ્થિતિએ સે-૩૦ , સે-૨૮ અને સે-૧૬ માં પણ જુના આવાસો તોડી નાંખવામાં આવ્યા બાદ જગ્યા ખુલ્લી થઈ છે. જયારે જુના આવાસો તોડી નાંખવામાં આવ્યા બાદ ખુલ્લી જગ્યામાં

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર-અમદાવાદ વચ્ચે ઈલેકટ્રીક બસો આગામી માસથી આરંભાઈ જશે

ગાંધીનગર, તા. ૧૭

આગામી માસમાં ગાંધીનગર અમદાવાદ વચ્ચે ઈલેક્ટ્રીક બસ સેવાનો આરંભ થઈ જશે તેવા સંકેતો વાહન-વ્યવહાર વિભાગના સૂત્રો આપી રહ્યા છે.

ગાંધીનગર-અમદાવાદ વચ્ચે પ્રથમ તબક્કામાં ૩૦ ઈલેક્ટ્રીક બસોની ફાળવણી કરવામાં આવશે. આ બસો ટુંક જ સમયમાં આવશે.

ગાંધીનગર અને અમદાવાદ ડેપો ખાતે આ બસોના ચાર્જીંગ સ્ટેશન બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે અને તે કામગીરી આ માસના અંત સુધીમાં અથવા આગામી માસના પ્રથમ સપ્તાહમાં પૂર્ણ થઈ જશે તેવુ જાણવા મળેલ છે.

ગાંધીનગર-અમદાવાદ વચ્ચે પોલ્યુશન ફ્રી વાહન-વ્યવહાર બનાવવાની દિશામાં સરકાર આગળ વધી રહી છે. તાજેતરમાં રાજ્ય સરકારે ઈલેક્ટ્રીક વાહનોને લઈ ખાસ નીતિ પણ જાહેર કરેલ છે. પોઈંટ ટુ પોઈંટ ચાર્જીંગ સ્ટેશન હાલ બનાવવામાં આવશે. જો કે આ પછી ચાર્જીંગ સ્ટેશનોની સંખ્યામાં પણ વધારો થશે તેમ આ સૂત્રોએ જણાવ્યુ છે.

ગાંધીનગર સચિવાલયમાં પહેલા ઈ.ટ્રાન્સપોર્ટ સિસ્ટમ પ્રાયોગિક ધોરણે શરૂ કરાઈ હતી પરંતુ હાલ તે બંધ છે. બેટરીના ચાર્જીંગ સ્ટેશન સચિવાલયમાં બનાવાયા હતા પરંતુ બેટરીની મુદત પૂર્ણ થતાં તે બંધ પડી હોવાનું પણ સૂત્રોએ કહ્યુ હતુ. બીજુ આ પ્રાયોગિક ધોરણે અમલમાં મુકાયેલો પ્રોજેક્ટ હતો અને તેના સારા પરિણામો મળ્યા હતા.

ગાંધીનગર અમદાવાદ વચ્ચે ઈલેક્ટ્રીક બસ સેવાની વાત અંગે અગાઉ પણ જાહેરાત થઈ ગઈ હતી પરંતુ આ પછી તેમાં કેટલીક રૂકાવટોને અંતે હવે પ્રોજેક્ટ માટે પડી ગયો છે અને આગામી એક માસમાં તે કાર્યાન્વીત થઈ જશે.

# જિલ્લામાં ૧૨ હજારથી વધુને વેક્સિનેશન

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં આજે ૧૨ હજારથી વધુ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૧૧૨૯ લોકોને અને શહેરમાં ૧૯૮૬ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા. ગ્રામ્ય વિસ્તારમાં ૪૦ સેશન સાઈટો આજે યોજાઈ હતી.

મળતી વિગતો પ્રમાણે ગ્રામ્ય વિસ્તારમાં ૬,૧૮,૪૭૩ લોકોને વેક્સિનનો પ્રથમ ડોઝ અને ૧,૬૧,૫૭૨ લોકોને વેક્સિનના બન્ને ડોઝ આપવામાં આયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં ૧૧૧ થી પણ વધુ ગામોમાં વેક્સિનના પ્રથમ ડોઝની ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. બીજા ડોઝ માટેનો સમયગાળો વધારવામાં આવ્યો હોવાથી બીજા ડોઝ માટેની કામગીરી થોડીક ધીમી ચાલી રહી છે. શહેર-ગ્રામ્ય વિસ્તારમાં વેક્સિનેશનની કામગીરી સંક્રમણ ઘટતાં વેગીલી બની છે. ૧૮ થી ૪૪ વર્ષના વયજૂથના લોકો આ અભિયાનમાં સારો પ્રતિસાદ આપી રહ્યાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.


**ગ્રામ-સેવા મંદિર, મહિલા ગ્રામવિદ્યાપીઠ, નારદીપુર,**
**કલોલ-માણસા રોડ, GEB સામે, તા.કલોલ, જિ.ગાંધીનગર-382735**


**B.R.S. પ્રવેશ જાહેરાત**

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ સંલગ્ન મહિલા ગ્રામવિદ્યાપીઠ, નારદીપુરમાં ધોરણ-૧૨ પાસ પછી સ્નાતક કક્ષાના સરકાર માન્ય અભ્યાસક્રમ (૧) રૂરલ ફાર્મ મેનેજમેન્ટ અને (૨) રૂરલ હોમ સાયન્સ મેનેજમેન્ટ એન્ડ હેલ્થમાં B.R.S. (Bachelor of Rural Studies) સેમેસ્ટર-૧માં પ્રવેશ મેળવવા સંસ્થાની વેબસાઈટ https://gsmmgvnardipur.org/પર મુકેલ પ્રવેશ લીંક મુજબ નિયત ફોર્મ ઓન લાઈન ભરવું તથા સંસ્થા કાર્યાલયમાંથી તા.૨૩-૮-૨૦૨૧ સુધી (જાહેર રજાના દિવસ સિવાય ૧૧ થી ૫) નિયત અરજી ફોર્મ મેળવી પરત કરવાનું રહેશે. પાસપોર્ટ ફોટા સાથે જરૂરી અસલ તેમજ ઝેરોક્ષ પ્રમાણપત્રો લઈને આવવું.

**પ્રવેશ યોગ્યતા : ધો.૧૨ કોઈપણ પ્રવાહમાં ૪૦% ટકા કે વધુ**

**આચાર્યશ્રી, રીટાબેન એસ.દવે મહિલા ગ્રામ વિદ્યાપીઠ, નારદીપુર મો.9408868708**


## બેસણું



અમારા પિતાશ્રી **સ્વ. કાંતિલાલ ત્ર્યંબકલાલ ત્રિવેદીનું** તા. ૧૭/૮/૨૦૨૧ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૧૯/૮/૨૦૨૧ને ગુરૂવારના રોજ સવારે** ૯ થી ૧૨ દરમિયાન રાખેલ છે.

**સ્થળ : સિદ્ધરાજ ઝોલ્ડ, સરગાસણ ચાર રસ્તા, ગાંધીનગર**

ગં.સ્વ. ભદ્રશીલાબેન કાંતિલાલ ત્રિવેદી (પત્ની)
મો. ૯૭૩૭૦ ૫૭૨૮૯
છાયા કાંતિલાલ (પુત્રી)
(એડવોકેટ એન્ડ નોટરી)
મો. ૯૭૨૪૩ ૧૭૩૫૮
યોગિતા પ્રશાંતકુમાર ત્રિવેદી
મો. ૯૩૭૭૬ ૯૬૫૨૫
કિરણ કાંતિલાલ ત્રિવેદી
મો. ૯૭૨૫૬ ૮૨૦૯૮

**ટોકિયો પેરાઓલમ્પિક રમવા ગયેલી**

# ગાંધીનગર શહેરની દિકરી પારૂલ પરમારનો વડાપ્રધાને ઉત્સાહ વધાર્યો

**વિડિયો કોન્ફરન્સના માધ્યમથી વડાપ્રધાને પેરા બેડમિન્ટન ખેલાડી પારૂલ સાથે ગાંધીનગરના સંસ્મરણો યાદ કર્યા : પારૂલે પોતાના પિતાને પ્રેરણાસ્ત્રોત ગણાવ્યા**




ગાંધીનગર તા. ૧૭

ટોકિયો ઓલિમ્પિક-૨૦૨૦ રમતોત્સવમાં મીરાંબાઈ ચાનુથી માંડીને નીરજ ચોપરા સહિત ભારતીય ખેલાડીઓના અભૂતપૂર્વ પ્રદર્શન બાદ હવે ભારતની નજર નજર પેરાઓલિમ્પિક પર છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગત પેરાઓલમ્પિક જે બ્રાઝિલના રિયો ખાતે યોજાઈ હતી તેમાં પેરા ખેલાડીઓએ ખુબ જ યશસ્વી પ્રદર્શન કર્યું હતું. હાલ ટોકિયો પેરાલિમ્પિક-૨૦૨૦માં ગાંધીનગરની દિકરી અર્જુન એવોર્ડી પેરા બેડમિન્ટન ખેલાડી પારૂલ પરમાર પર દેશ માટે મેડલ જીતવાની આશા બંધાયેલી છે ત્યારે આજે વડાપ્રધાને પારૂલ પરમાર અને તેની બહેન સાથે ઓનલાઈન વીડિયો કોન્ફરન્સના માધ્યમથી વાત કરી હતી જેમાં તેમણે ગાંધીનગર ખાતેના સંસ્મરણો તાજા કરવા સાથે પારૂલ પરમારને શુભેચ્છાઓ પાઠવી હતી.

પારૂલ પરમાર સાથે સૌ પ્રથમ ગુજરાતીમાં ×કેમ છો? તમારે તબિયત પાણી કેવાં છે?× તેવા સવાલ સાથે વડાપ્રધાને વાતની શરુઆત કરી હતી. વડાપ્રધાને પારુલને જણાવ્યું કે તમે બે દશકથી પેરા બેડમિન્ટન ક્ષેત્રે ટોચ પર રહ્યાં છો અને હંમેશાં પરફેક્શન સાથે મહેનત કરવામાં માનો છો અને આજે આટલી વયે પણ દેશનું પ્રતિનિધિત્વ કરી રહ્યાં છો તો તમને આ માટે પ્રેરણાં ક્યાંથી મળે છે? વડાપ્રધાનના સવાલના જવાબમાં પારૂલ પરમારે જણાવ્યું હતું કે તે જ્યારે નાની હતી ત્યારથી પિતા સાથે રમવાનું શરૂ કર્યું હતું અને જેમ જેમ રમતમાં જીત થતી ગઈ તેમ તેમ ધીમે ધીમે રમતની આદત પડી ગઈ હતી. વર્ષ ૨૦૦૨માં ખબર પડી કે પેરા ઓલિમ્પિકમાં પેરા બેડમિન્ટન પણ રમાય છે જે મારી પસંદગીની રમત હતી તેથી તેના પર વધુ ધ્યાન આપવાનું શરૂ કર્યું હતું. આમ તો તે એથ્લેટિક્સમાં નેશનલ અને ઈન્ટરનેશનલ સુધી રમી છે પરંતુ બેડમિન્ટન તેની પસંદગીની રમત છે. પારૂલને જ્યારે બેડમિન્ટનમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ત્રણ ગોલ્ડ મેડલ જીત્યા ત્યારે પિતાએ તેનો ઉત્સાહ વધાર્યો હતો અને હિંમત આપી હતી કે તું પણ અર્જુન એવોર્ડ જીતી શકે છે. પિતાને પોતાના પ્રેરણાસ્ત્રોત ગણાવતા પારૂલે વડાપ્રધાનને ટૂંકમાં પોતાની સિદ્ધિઓ વર્ણવી હતી. આ સાથે તેણે જણાવ્યું હતું કે જે ઉંમરે ખેલાડીઓ બેડમિન્ટન રમવાનું છોડી દે છે તે ઉંમરે મારી રમતની શરુઆત થઈ હતી પરંતુ જ્યારે પણ હું હારથી નાસીપાસ થતી હતી ત્યારે પિતા પાસે જઈને વાત કરતી હતી અને તેઓ મને

● અનુસંધાન પાન-૭ પર

## આ રક્ષાબંધને પારૂલ પોતાના ભાઈને મોટી ભેટ આપશે

વડાપ્રધાને પારૂલ પરમારની બહેન ગીતા પરમાર સાથે પણ વાત કરી હતી જે દરમ્યાન તેમણે પારૂલના ભાઈ મહેશને પણ યાદ કરીને હસતા હસતા જણાવ્યું હતું કે આ વર્ષે રક્ષાબંધન પર મહેશ પારૂલને ભેટ નહીં આપે પરંતુ પારુલ મહેશને મોટી ભેટ આપશે તેવું લાગે છે. વડાપ્રધાનનો ઈશારો પારૂલ પરમાર પેરા ઓલમ્પિકમાં મેડલ જીતશે તે તરફનો હતો.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com